**મહેસાણાની શ્રમ અદાલતના ન્યાયાધીશશ્રી આર.કે.સોલંકી સાહેબ, મુ.મહેસાણા.**

ટી. અરજી નંબર. ૧૪૪/૨૦૦૮
જુનો નં. ૨૩/૨૦૦૬

શશીકાંત જયંતિભાઈ મોદી
ભુદરજીનો માઢ, ૧, ટાવર, કંસારા બજાર, વિસનગર — અરજદાર

// વિરૂધ્ધ //

મેનેજરશ્રી, ધી સર્વોદય નાગરીક સહકારી બેન્ક લી.
પટેલ માર્કેટ, વિસનગર — સામાવાળા

<u>પ્રતિનિધિત્વઃ</u>–

| | | |
|---|---|---|
| અરજદાર તરફે | – | વિ.વ.શ્રી વી.વી.ઠાકર |
| સામાવાળા તરફે | – | વિ.વ.શ્રી એમ.સી.મોદી |

**<u>અનુક્રમણિકા ઃ–</u>**


| | | | |
|---|---|---|---|
| (૧) | પાન નં.૧ થી ૩ | ઃ | પ્લીડીંગ્સ તથા દસ્તાવેજો |
| (૨) | પાન નં.૩ થી ૪ | ઃ | મુદ્દાઓ |
| (૩) | પાન નં.૪ થી ૫ | ઃ | કારણો તથા મુલ્યાંકન |
| (૪) | પાન નં. ૫ | ઃ | આખરી હુકમ |


**//બી.આઈ.આર.એકટ–૧૯૪૬ ની કલમ–૭૮ અને ૭૯ અન્વયેની અરજી//**

**– ઃ હુ ક મ ઃ–**

(૧) હાલના અરજદારે આ અરજી બી.આઈ.આર.એકટની કલમ–૭૮,૭૯ મુજબ કરેલ છે. અરજદારે તેમની અરજીમાં જણાવેલ છે કે તેઓ સામાવાળા સંસ્થામાં કાયમી કર્મચારી તરીકે કામ કરતાં હતા. સામાવાળી સંસ્થાને બી.આઈ.આર.એકટ, આઈ.ડી.એકટ, વહીવટી નિયમો, માન્ય યુનિયન સાથેના એગ્રીમેન્ટ તથા ચાલી આવતી પ્રથા લાગુ પડે છે પરંતુ સામાવાળા તેનું પાલન કરતાં નથી. વધુમાં સામાવાળાની બેંકમાં માન્ય યુનિયન સાથેના કરાર, ઈન્ડસ્ટ્રીયલ કોર્ટના એવોર્ડ તથા લેબર કોર્ટના ચુકાદાઓ વિગેરેનું પાલન કરવાનું હોય છે પરંતુ સામાવાળા તેનું પાલન કરતાં નથી અને કાયદો હાથમાં લઈને ગેરકાયદેસર ફેરફાર કરતાં રહે છે. અરજદાર સામાવાળા સંસ્થાંમાં ઘણાં લાંબા સમયથી આસીસ્ટન્ટ મેનેજર તરીકેની ફરજ બજાવતાં હતા. તેઓ તેમની ફરજ ખંત અને વફાદારીપુર્વક બજાવતાં હતાં. છતાં આ કામના સામાવાળાએ અરજદારને ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને કિન્નાખોરી રાખી તા.૧૩/૧/૦૬ના રોજની શો–કોઝ નોટીસ આપેલી જેનો અરજદારો લેખિત જવાબ આપેલો. તેમછતાં તે જવાબ ધ્યાનમાં લીધા વગર સામાવાળી સંસ્થાએ કુદરતી ન્યાયના સિધ્ધાંતો મુજબ રૂબરૂમાં કોઈ ખાતાકીય તપાસ કર્યા વગર કે બચાવની તક આપ્યા વગર ખોટીરીતે સંડોવી જેલમાં નંખાવી ઉપરોકત શો–કોઝ નોટીસ આપી કોઈ

કાયદેસરની કાર્યવાહી કર્યા વગર કે સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઈઓ ધ્યાનમાં લીધા વગર કે અરજદાર સામે કોઈ ગુનો સાબિત થયા વગર તા.૯/૩/૦૬ના લેખિત હુકમથી એકાએક છુટાં કરી દીધેલ છે જે છુટાં કરવાનું સામાવાળાનું પગલું બી.આઈ.આર.એકટ તથા બેંકને લાગુ પડતાં સર્વિસ અંગેના નિતિ નિયમોને ધ્યાનમાં લીધા વગર અરજદાર પ્રત્યે કિન્નાખોરી રાખી છુટાં કરેલા છે જે સામાવાળાનું પગલું ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને કિન્નાખોરી ભરેલુ છે તેમ જણાવેલ છે.

અરજદારે તેમની અરજીમાં વધુમાં જણાવેલ છે કે તેઓને તાં.૧૩/૧/૦૬ના રોજ સબજેલ, જેલરોડ, મહેસાણા ખાતે એક નોટીસ મોકલેલી તેમાં તા.૨૪/૩/૦૬ના રોજથી અરજદારની નોકરીનો અંત લાવતો હુકમ એટલે કે છુટાં કરવાનો હુકમ સબજેલ મહેસાણામાં મોકલેલો. તેમાં સામાવાળાએ અરજદારને કુદરતી ન્યાયના સિધ્ધાંતો મુજબ બચાવની તક આપેલી નથી. તેમાં કરેલા આક્ષેપો મુજબ કોઈ ખાતાકીય તપાસ કરેલી નથી અને ફકત અને ફકત આક્ષેપો કરી અરજદાર સામે ગેરકાયદેસર, ગેરવ્યાજબી રીતે હેરાન પરેશાન કરી છુટાં કરેલા છે. આ કામના સામાવાળાને તેઓને સબજેલ, જેલરોડ, મહેસાણામાં રાખવામાં આવેલા છે તેની જાણ હતી. તેમછતાં બેંકમાં સતત ગેરહાજર રહેવા બાબતની નોટીસ આપેલી છે. હકીકતમાં બેંકના વહીવટદારોએ અરજદારને ઈરાદાપુર્વક કોર્ટમાં બોલાવી અને ત્યાંજ કોર્ટ સમક્ષ ખોટી રજુઆતો કરી જેલમાં નંખાવી દીધેલ છે.અરજદાર જેલમાં હોવાથી ફરજ ઉપર હાજર ન રહી શકે તે સ્પષ્ટ બાબત છે. અરજદાર સામે કોઈ ગુનો પુરવાર થયેલો નથી કે અરજદારને કોઈ સજા કે દંડ થયેલ નથી. અરજદાર પોતાના કાબુ બહારના સંજોગોના કારણે ફરજ ઉપર હાજર થઈ શકેલ નથી તેમ જણાવેલ છે.

અરજદારે તેમની અરજીમાં વધુમાં જણાવેલ છે કે આ કામના સામાવાળાએ અરજદારને આપેલ નોટીસના પેરા-૨ માં જણાવેલ છે કે "બેંકની આર્થિક પરિસ્થિતિ ખુબજ નાજુક હોઈ આપની નોકરી સમાપ્ત કેમ ન કરવી? તેવી કારણદર્શક નોટીસ આપેલી જેનો અરજદારે જવાબ પણ આપેલો છે. આમછતાં અરજદારના સદર જવાબને ધ્યાનમાં લીધા વગર એકતરફી સતત ગેરહાજરીના કારણે છુટાં કરવાનું જણાવેલ છે અને બીજી તરફ બેંકની આર્થિક પરિસ્થિતિ ખુબ જ નાજુક હોઈ તેવા કારણથી છુટાં કરવાનો નિર્ણય લેવામાં આવશે તેવું જણાવેલ છે. આમ સામાવાળાએ અરજદારની સામે ઉપરોકત જણાવ્યા મુજબ બે વિરોધાભાસી કારણ જણાવી અરજદારને છુટાં કરવાનો હુકમ આપેલ છે જે કિન્નાખોરી રાખી આપવામાં આવેલ છે તેમ જણાવેલ છે.

અરજદારે તેમની અરજીમાં વધુમાં જણાવેલ છે કે હાલના અરજદારને છુટાં કરવાનો હુકમ તાત્કાલિક પાછો ખેંચી લેવા એડવોકેટશ્રી મારફત તા.૨૨/૫/૦૬ના રોજ રજી.એ.ડી.થી વિનંતી પત્ર આપેલો જે આ કામના સામાવાળાને મળી જવા છતાં તે મુજબ પાલન કરેલ નથી કે તે હુકમ પરત ખેંચેલ નથી તેમ જણાવી હાલના સામાવાળાનો અરજદારને કામ ઉપરથી છુટાં કરવાનો લેખિત હુકમ ગેરકાયદેસર, ગેરવ્યાજબી તથા કિન્નાખોરી ભરેલો છે તેમ ઠરાવી અરજદારને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહીત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા તથા આ અરજીના ખર્ચના રૂપિયા ૫૦૦૦/-આપાવવા માંગણી કરેલ છે.

(૨) આ કામે આંક-૧૪ થી સામાવાળાએ લેખિત જવાબ રજુ કરેલ છે. સામાવાળાએ તેમના લેખિત જવાબમાં અરજદારે જણાવેલી હકીકતોનો ઈન્કાર કરેલો છે. સામાવાળાએ તેમના લેખિત જવાબમાં વધુમાં જણાવેલ છે કે અરજદારને આવી અરજી કરવા કાયદેસરરીતે કોઈપણ કારણ ઉપસ્થિત થયેલ નથી. તેમજ અત્રેની અદાલતને આ અરજીનો નિર્ણય કરવા હકુમત નથી તેમજ અરજદાર આસીસ્ટન્ટ મેનેજર તરીકે ફરજ બજાવતાં હોવાથી અરજદારનો કામદારની વ્યાખ્યામાં સમાવેશ થતો નથી. વધુમાં અરજદારો જાતે જ કબુલ રાખ્યા મુજબ તા.૧૮/૪/૦૫ થી મહેસાણાની સબજેલમાં કેદી તરીકે કેદ કરવામાં આવેલ ત્યારથી બેંકની નોકરીમાં આવતા ન હોવાથી નોકરી છોડી દીધેલ હોવાથી નોકરીમાં પણ લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. સામાવાળા બેંક દ્વારા તા.૨૬/૧૨/૦૫ થી છુટાં કરવાનો કાયદેસરનો ઠરાવ કરવામાં આવેલો છે તે મુજબ તા.૧૩/૧/૦૬ના રોજ કારણદર્શક નોટીસ આપવામાં આવેલ છે. અરજદારનો તા.૨૦/૧/૦૬ના રોજથી તા.૧૩/૧/૦૬ના રોજની નોટીસનો જવાબ આપી હકીકતો સ્વીકારેલ છે માટે નોકરીમાં રાખવાનો કોઈ

અવકાશ રહેતો નથી. આ ઉપરાંત બેંક નબળી પડતાં બે શાખાઓ બંધ કરવામાં આવતાં ૧૭ કર્મચારીઓને તથા અરજદાર સહીતનાને છુટાં કરવામાં આવતાં અને ડબલ લાભ મળે તે માટે રાજીનામા આપેલા હતા જે ઠરાવ નં. ૧૬૨ થી મંજુર કરવામાં આવેલ છે. આમ રાજીનામા મંજુર કર્યા બાદ ત્યારબાદ બેંક નબળી પડયા બાદ બેંકને તા.૩/૧/૦૪ થી બેંકનું કામકાજ સ્થગિત કરવામાં આવેલુ. તા.૩/૬/૦૪ થી તા.૬/૨/૦૭ થી બેંકનો વહીવટ વહીવટદારના હાથમાં ચાલી ગયેલ હોવાથી તથા તા.૬/૨/૦૭ થી બેંક ફડચામાં જતાં ફડચા અધિકારીની નિમણુંક થતાં નોકરીમાં પાછા લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વધુમાં તા.૧૬/૯/૦૮ના રોજ અરજદારે રજુ કરેલ પુરસીસ પણ ખોટી અને કોર્ટને ગેરમાર્ગે દોરનારી છે. કારણ કે બેંક તા. ૩/૧/૦૪ થી બંધ પડેલી છે. તા.૭/૨/૦૭ થી ફડચા અધિકારીના કબજામાં છે. બેંક ફડચામાં છે કામકાજ ન રહેલ હોવાથી અરજદારને નોકરીમાં પાછા લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આ તમામ હકીકત અરજદાર જાણતાં હોવા છતાં નામ.કોર્ટને ગેરમાર્ગે દોરનારી પુરસીસ આપેલ છે અને આમ તમામ હકીકત જોતાં અરજદારની અરજી ખર્ચ સહીત રદ થવાને પાત્ર છે તેમ જણાવેલ છે.

(૩) આ કામે અરજદારે નિ.૩/૧ થી ૩/૨ ના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે જેની વિગત નીચે મુજબ છે.

(૧) આ કામના સામાવાળાને મોકલી આપેલ વિનંતીપત્રની ઝેરોક્ષ નકલ/ઓફીસકોપી ૨૨/૫/૦૬

(૨) સદર વિનંતીપત્ર સામાવાળાને મળી ગયાની પરત આવેલ રજી.એ.ડી.ની અસલ એકનોલેજમેન્ટની ઝેરોક્ષ નકલ

આ કામે અરજદારે નિ.૮/૧ થી ૮/૩ ના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે જેની વિગત નીચે મુજબ છે.

(૧) આ કામના સામાવાળાને મોકલેલ વિનંતીપત્રની ઓફીસકોપી અસલ, તા.૨૨/૫/૦૬

(૨) સદર વિનંતીપત્ર રજી.એ.ડી. કર્યાની સફેદ પહોંચ અસલ, તા.૨૨/૫/૦૬

(૩) સદર વિનંતીપત્ર સામાવાળાને મળી ગયાની પરત આવેલ રજી.એ.ડી.ની અસલ એકનોલેજમેન્ટ

આંક-૧૧ થી સામાવાળાનો જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે.

આંક-૧૨ થી સામાવાળાનો જવાબનો હકક રીઓપન કરવામાં આવેલ છે.

આંક-૧૩ થી અત્રેની અદાલતે ઘડેલા મુદ્દા છે.

આંક-૧૪ ઉપર જણાવ્યું તે મુજબ સામાવાળાનો જવાબ છે.

આ કામે અરજદારને મૌખિક પુરાવો લેવા ઘણી તક આપવા છતાં કોઈપણ કારણસર અરજદારે પુરાવો લેવા દરકાર ન લેતાં, કેસના ન્યાય નિર્ણયમાં વિલંબ થઈ રહેલ હોવાથી અરજદારનો પુરાવાનો હકક પ્રોસિડીંગ્સમાં નોંધ કરી બંધ કરવામાં આવેલ છે.

આંક-૧૫ થી સામાવાળા કોઈ મૌખિક પુરાવો લેવા માંગતા નથી તેવું જાહેર કરતી પુરસીસ છે. ત્યારબાદ પણ મુદત તારીખે પોકાર કરતાં અરજદાર કે તેમના કોઈ પ્રતિનિધિ હાજર રહેલા નથી. તેથી અરજદારનો દલીલોનો હકક પ્રોસિડીંગ્સમાં નોંધ કરી બંધ કરવામાં આવેલ છે અને સામાવાળા તરફે વિ.વ.શ્રી એમ.સી.મોદીની મૌખિક દલીલો સાંભળી સદર કેસ હુકમ પર લેવામાં આવેલ છે.

(૪) સદર કામે અત્રેની અદાલતે આંક-૧૩ થી મુદ્દાઓ ઘડેલા છે જે નીચે મુજબ છે.

**-ઃ મુદ્દા ઃ**

(૧) શું અત્રેની અદાલતને હાલના કેસનો ન્યાય નિર્ણય કરવા કાયદેસર હકુમત છે?

(૨) શું અરજદારનો જી.આઈ.આર.એકટ હેઠળ "એમ્પ્લોઈ"ની વ્યાખ્યામાં સમાવેશ થાય છે?

(૩) શું અરજદાર પુરવાર કરે છે કે, તેમની અને સામાવાળા વચ્ચે નોકર માલિકના સંબંધો છે?

(૪) શું અરજદાર તેમની અરજીના **પેરા-૭** માં જણાવેલી દાદ કે અન્ય કોઈપણ દાદ મેળવવા હકકદાર છે? જો હા, તો શું દાદ મેળવવા હકકદાર છે?

(૫) શું હુકમ ?

ઉપરોકત મુદ્દાઓના ટુંકમાં જવાબ નીચે મુજબ છે.

જવાબઃ

(૧) નકારમાં

(૨) નકારમાં

(૩) નકારમાં

(૪) નકારમાં

(૫) આખરી હુકમ મુજબ

ઉપરોકત મુદ્દાના જવાબ અંગે મારા કારણો નીચે મુજબ છે.

## // કારણો //

**મુદ્દા નં. ૧ થી ૩ –**

આ કામે અરજદારે તેમની અરજીમાં તેઓ સામાવાળા સંસ્થામાં છેલ્લા ઘણાં સમયથી ફરજ બજાવતાં હોવાનું, સામાવાળાને બી.આઈ.આર.એકટ લાગુ પડતો હોવાનું, અરજદાર તેમની ફરજ ખંત અને વફાદારી પુર્વક બજાવતાં હોવાનું, તેમછતાં સામાવાળાએ અરજદાર સામે કિન્નાખોરી રાખી શો–કોઝ નોટીસ આપેલ હોવાનું તથા અરજદારને ખોટીરીતે જેલમાં પુરાવેલ હોવાનું, કોઈ ખાતાકીય તપાસ કરેલ નહી હોવાનું, ગેરકાયદેસર છુટાં કરેલા હોવાનું, છુટાં કર્યા બાદ તા.૨૨/૫/૦૬ના રોજથી વિનંતી પત્ર આપેલ હોવાનું જણાવેલ છે. પરંતુ આ કામે અરજદારને પુરાવો લેવા અસંખ્ય તક આપેલ છે તેમછતાં અરજદાર હાજર રહેલ હોય કે કોઈ મૌખિક પુરાવો રજુ કરેલ હોય કે રજુ કરેલ દસ્તાવેજો પુરવાર કરેલ હોય તેમ બનેલ નથી. આ કામે અરજદારે તેઓને જી.આઈ.આર.એકટ મુજબ એમ્પ્લોઈની વ્યાખ્યામાં સમાવેશ થતો હોય, તેમનો અને સામાવાળા વચ્ચે નોકર–માલીકનો સંબંધ હોય, અરજદારે હાલની અરજીમાં જી.આઈ.આર.એકટની જોગવાઈઓનું પાલન કરેલ હોય, અરજી સમય મર્યાદામાં દાખલ કરેલ હોય અને અત્રેની અદાલતને આ કેસ ચલાવવા હકુમત હોય તે દર્શાવતો કોઈ મૌખિક પુરાવો રજુ કરેલ નથી કે આ તમામ હકીકતો પુરવાર કરેલ નથી તેવું અત્રેની અદાલત માને છે. તેથી ઉપરોકત મુદ્દા નં. ૧ થી ૩ નો જવાબ પુરાવાના અભાવે નકારમાં આપવામાં આવે છે.

**મુદ્દા નં. ૪ –**

ઉપર જણાવ્યું તે મુજબ હાલના અરજદાર તેઓને જી.આઈ.આર.એકટ મુજબ એમ્પ્લોઈની વ્યાખ્યામાં સમાવેશ થતો હોવાનું, તેમનો અને સામાવાળા વચ્ચે નોકર–માલીકનો સંબંધ હોવાનું તથા અત્રેની અદાલતને આ કેસ ચલાવવા કાયદેસર હકુમત હોવાનું પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. ત્યારે હાલના અરજદાર અરજીના પેરા–૭ માં જણાવેલી દાદ મેળવવા હકકદાર હોવાનું કે અન્ય કોઈપણ દાદ મેળવવા હકકદાર હોવાનું પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે તેમ ઠરાવવામાં આવે છે.

ઉપરોકત ચર્ચાને આધારે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## –ઃ હુકમ ઃ–

(૧) અરજદારની અરજી ગેરહાજરી તથા પુરાવાના અભાવે રદ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સ્થળઃ મહેસાણા

તા.૧૬/૧/૨૦૧૫

(કુ. રમીલાબેન કેશવલાલ સોલંકી

GJ00791

ન્યાયાધીશ

શ્રમ અદાલત, મહેસાણા